# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૬ તા.૨૯-૬-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- મચ્છરના બ્રીડીંગ અન્વયે જવાબદારી નક્કી થવા બાબત.
સંદર્ભ :- અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન આરોગ્ય વિભાગ ઈ.નં.૪૦૯ તા.૨૨-૬-૨૦૨૦.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦ સુધી તથા ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધી મલેરિયા મુકત ગુજરાત જાહેર કરેલ નિર્ધારને સાર્થક બનાવવા માટે મલેરિયા વિભાગ દ્વારા આઈ.ડી. કામગીરી, પેરા ડોમેસ્ટીક કામગીરી, આઈ.આર.એસ. સ્પ્રેયિંગ કામગીરી વગેરે પ્રકારની સઘન કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. સરકારના આ મેલેરિયા મુકત ગુજરાત અભિયાનને સફળ બનાવવા માટે દરેક વિભાગનો પુરતો સહકાર હોવો જરૂરી છે. શાળાઓમાં અલગ અલગ જગ્યાએ ધાબા, પાણીની ટાંકીઓ તથા અન્ય જગ્યાએ મચ્છરોની ઉત્પતિ થઈ શકે છે. જેને ધ્યાને લઈ શાળાઓમાં મચ્છરનું બ્રીડીંગ ન થાય તેની પુરતી તકેદારી રાખવાની રહેશે. આ સાથે સંદર્ભિત સરકયુલરનો અભ્યાસ કરી મચ્છરનું બ્રીડીંગ ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

જો શાળાઓમાં મચ્છર ઉત્પતિના સ્થાનો જોવા મળે તો મુખ્ય શિક્ષકશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે માટે આ બાબતે વિશેષ કાળજી લઈ મચ્છરનું બ્રીડીંગ ન થાય તે જોવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૬-૦૬-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવા સદન
હેલ્થ વિભાગ (ઉત્તર પશ્ચિમ ઝોન)

રાજમાતા વિજયારાજે સિંધિયા ભવન
ઉત્તર પશ્ચિમ ઝોન
જજીસ બંગલા રોડ, બોડકદેવ. ફોન નં:- ૦૭૯-૨૬૭૫૮૧૭૬

તારીખ :- ૨૨.૦૬.૨૦

પ્રતિ,
ડી.ઈ.ઓ. શ્રી,
સ્કુલ-બોર્ડ,
નવરંગપુરા બસ સ્ટેન્ડ સામે,
નવરંગપુરા, અમદાવાદ.

હેલ્થ આવ્યું
ઉત્તર પશ્ચિમ ઝોન (અ.મ્યુ.કો.)
ઇનવર્ડ/આઉટવર્ડ નં 409
તારીખ 22.6.20

વિષય:- આપના તાબા હેઠળની સબંધિત ઓફિસોમાં મચ્છરના બ્રીડીંગ અન્વયે જવાબદારી નક્કી થવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૩૦ સુધી તથા ગુજરાત સરકાર દ્વારા વર્ષ-૨૦૨૨ સુધી મેલેરિયા મુક્ત ગુજરાત જાહેર કરેલ નિર્ધારને સાર્થક બનાવવા માટે મલેરિયા વિભાગ દ્વારા આઈ.ડી કામગીરી, પેરા ડોમેસ્ટિક કામગીરી, આઈ.આર.એસ સ્પ્રેયિંગ કામગીરી વગેરે પ્રકારની સઘન કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. સરકાર નાં આ મેલેરિયા ગુજરાત અભિયાનને સફળ બનાવવા માટે દરેક વિભાગનો પુરતો સહકાર હોવો જરૂરી છે. ઝોન માં અલગ-અલગ જગ્યાએ આપના ખાતા હસ્તકની શાળાઓ અને ઓફિસોમાં, શાળાઓના કેમ્પસ, ધાબા, પાણીની ટાંકીઓ તથા અન્ય જગ્યાએ મચ્છરોની ઉત્પતિ થઈ શકે છે.

ડે. મ્યુનિ. કમિશ્નર શ્રી (હેલ્થ) દ્વારા ગત વર્ષે તારીખ.૦૧.૦૬.૧૯.નાં રોજ આ બાબતે સરક્યુલર કરવામાં આવેલ છે. જેને ધ્યાને લઈ આપના હસ્તકની શાળાઓ અને ઓફિસોમાં, એકમોમાં મચ્છરોનું બ્રીડીંગ ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સદર સરક્યુલરની કોપી આ સાથે સામેલ છે.

Rupal 22/6
ડે. હેલ્થ ઓફિસર
ઉત્તર પશ્ચિમ ઝોન, અમ્યુકો.

બીડાણ :-

- ડે.કમિશ્નર શ્રી (હેલ્થ) ના સરક્યુલર નં-૦૧ તારીખ-૦૧.૦૬.૧૯.ની નકલ.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**મહાનગર સેવા સદન, (આરોગ્ય વિભાગ)**

સરદાર પટેલ ભવન, બીજો માળ, નવું બિલ્ડીંગ, દાણાપીઠ, ખમાસા, અમદાવાદ.

(ટે.નં. ૦૭૯-૨૫૩૯૧૮૧૧)email : mohahmedabad@ahmedabadcity.gov.in


YEARS OF CELEBRATING THE MAHATMA

HEALTH DEPT. Ahmedabad Municipal Corporation Ahmedabad

## સરક્યુલર નં.૧/૨૦૧૯-૨૦

અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના તમામ ખાતાના વડાઓને જણાવવાનું કે મચ્છરજન્ય રોગો જેવા કે મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વિગેરે કેસોને અટકાવવા, નિયંત્રણ કરવા તેમજ ભારત સરકાર દ્વારા વર્ષ ૨030 સુધીમાં તથા ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધી મેલેરીયા મુકત ગુજરાત જાહેર કરેલ નિર્ધારને સાર્થક બનાવવા માટે હેલ્થ વિભાગ હસ્તકના મેલેરીયા વિભાગ દ્વારા ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટ્રીક, ફોગીંગ, આઈ.આર.એસ., એન્ટી લાર્વલ, કન્ટ્રકશન સાઈટોનું ચેકીંગ તથા જરુરી આઈ.ઈ.સી. એકટીવીટી જેવી તમામ પ્રકારની સઘન રોગ અટકાયતી કામગીરી / કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

સરકારના આ મેલેરીયા મુકત ગુજરાતના નિર્ધારને સફળ બનાવવા માટે દરેક વિભાગનો પુરતો સહકાર હોવો ખુબ જરુરી છે. આ માટે શહેરમાં કોઈપણ જગ્યાએ મચ્છર ઉત્પતિના સ્થાનો ન ઉદભવે તે માટે પુરતી તકેદારી રાખવી જરુરી જણાય છે. શહેરમાં અલગ અલગ જગ્યાએ આવેલ મ્યુનિ.કોર્પોરેશન સંચાલિત એકમો / યુનિટો જેવા કે વોટર પમ્પીંગ સ્ટેશન, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એ.એમ.ટી.એસ. બસ ડેપો, રોડ / એસ્ટેટ સ્ટોર ઓફીસ, વર્કશોપ, સ્વીમીંગ પુલ, મસ્ટર સ્ટેશન, ગાર્ડન, નર્સરી, ઝોનલ ઓફીસ, હેલ્થ સેન્ટર, હોસ્પિટલો, મ્યુનિ. સ્કુલ, લાયબ્રેરી, જીમ્નેસીયમ, સ્મશાનગૃહ, સેન્ટ્રલ સ્ટોર્સ, મ્યુનિસિપલ બિલ્ડીંગ વિગેરેમાં નીચે જણાવેલ કારણોસર મચ્છર ઉત્પતિના સ્થાનો ઉદભવી શકે તેમ છે.

- એકમ ખાતેની વાલ્વ, કુંડીની આસપાસ ભરાઈ રહેલ પાણીની જગ્યાએ..
- એકમના કંપાઉન્ડમાં આવેલ અંડરગ્રાઉન્ડ ટાંકી અને ઓવરહેડ ટાંકીમાં..
- એકમ / યુનિટના બેઝમેન્ટ / ટેરેસમાં ભરાતા પાણીમાં..
- યુનિટની પી.વી.સી. / લોંખડની પાઈપોના લીકેજીસના કારણે ભરાતા પાણીમાં.
- યુનિટ / એકમના કંપાઉન્ડમાં પડી રહેલ ભંગાર, ટાયરમાં ભરાયેલ પાણીમાં..

શહેરમાં વાહકજન્ય રોગચાળો અટકાવવા તથા નિયંત્રણ કરવા માટે મેલેરીયા વિભાગ દ્વારા અવાર નવાર વોટર પમ્પીંગ સ્ટેશન, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, એ.એમ.ટી.એસ. બસ ડેપો, રોડ / એસ્ટેટ સ્ટોર ઓફીસ, વર્કશોપ, સ્વીમીંગ પુલ, મસ્ટર સ્ટેશન, ગાર્ડન, નર્સરી, ઝોનલ ઓફીસ, હેલ્થ સેન્ટર, મ્યુનિ. સ્કુલ, લાયબ્રેરી, જીમ્નેસીયમ, સ્મશાનગૃહ, સેન્ટ્રલ સ્ટોર્સ, મ્યુનિસિપલ બિલ્ડીંગ વિગેરે જગ્યાએ ચેકીંગની કામગીરી દરમ્યાન મચ્છરના બ્રિડીંગ જોવા મળતા હોય છે. જેને તુંરત જ પોરાનાશક કામગીરી કરી દુર કરવામાં આવે છે અને ભવિષ્યમાં મચ્છરના બ્રિડીંગ ન થાય તે અંગે સંબધિત વિભાગને લેખિતમાં જાણ કરવામાં આવે છે. આમ જે તે વિભાગ દ્વારા મચ્છરના ઉત્પતિ સ્થાનો

તાકીદે દુર કરવામાં આવે અને મચ્છરનું બ્રિડીંગ તેમના નિયંત્રણ હેઠળની મ્યુનિ.મિલકતોમાં ન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

હવે પછી મ્યુનિ.સંચાલિત કોઈપણ એકમ / યુનિટ ખાતે મચ્છર ઉત્પતિના સ્થાનો જોવા મળે તો સદર એકમ / યુનિટના ઈન્ચાર્જ અધિકારીશ્રીની જવાબદારી ગણવામાં આવશે. જેની તમામ ખાતાના અધિકારીશ્રીઓએ નોંધ લેવા અને આપના તાબા હેઠળના સબંધિત અધિકારીશ્રીને જાણ કરવા જણાવવામાં આવે છે.

૧/૬/૧૯

ડે.મ્યુનિ.કમિશનર(હેલ્થ)
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન

તા.૨૭/૦૫/૨૦૧૯

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૬-A તા.૨૯-૬-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- દુરદર્શન કેન્દ્ર ડી ડી. ગીરનાર ચેનલથી ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ''હોમ લર્નિંગ'' કાર્યક્રમ અંતર્ગત શૈક્ષણિક પાઠનું પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : એસએસએ/ક્યુઈસેલ/૨૦૨૦/૧૯૪૨૨-૫૨૨ તા.૨૬-૬-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, કોરોના મહામારીને કારણે ૮ જૂનથી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં વિદ્યાર્થીઓને શાળાઓમાં બોલાવી શૈક્ષણિક કાર્ય કરાવી શકાય તેમ નથી. જેથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે રાજય કક્ષાએથી ધો.૩ થી ૮ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ વિષયવસ્તુ આધારિત વિડીયો/શૈક્ષણિક પાઠ ટી.વી.ના માધ્યમ દ્વારા એટલે કે દુરદર્શન કેન્દ્ર ડી.ડી.ગીરનાર ચેનલથી આ સાથે સામેલ સમયપત્રક અનુસાર પ્રસારિત કરવામાં આવશે.

શિક્ષણ વિભાગ દ્વારા 'હોમ લર્નિંગ' કાર્યક્રમ અંતર્ગત જુલાઈ માસનું એટલે કે તા.૧-૦૭-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૦ સુધીનું સમયપત્રક આ સાથે મોકલી આપવામાં આવેલ છે. તે પ્રમાણે વિદ્યાર્થીઓ ઘરે રહી બિનચૂક રીતે આ કાર્યક્રમ નિહાળી પોતાના શૈક્ષણિક કાર્યમાં અભિવૃદ્ધિ કરી કાર્યક્રમને સફળ બનાવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને બાળકો નિયમિત પ્રસારણ નિહાળે છે તેનું ટેલીફોનીક મોનીટરીંગ કરવાનું રહેશે.

નોંધ :- વિદ્યાર્થીઓ જયારે કાર્યક્રમ નિહાળે ત્યારે જણાવેલ સમયપત્રક મુજબના પાઠયપુસ્તક, પેન-પેન્સિલ, નોટબુક જેવી જરૂરી શૈક્ષણિક સામગ્રી સાથે રાખે તેવી સૂચના આપવાની રહેશે.

બિડાણ :- ૧. સંદર્ભિત પત્ર
૨. ટી.વી.પરથી પ્રસારિત થનાર કાર્યક્રમનું સમયપત્રક

તા.૨૯-૦૬-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

૧૯-૪૨૨-૫૨૨


**પી. ભારતી,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &**
**કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ**


સત્યમેવ જયતે

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


**નં. એસએસએ/કયુઈસેલ/૨૦૨૦/**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**તા.૨૬.૦૬.૨૦૨૦**
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com


પ્રતિ

| | |
|---|---|
| પ્રાચાર્યશ્રી<br>જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન<br>જિ. તમામ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી<br>જિલ્લા. તમામ |
| જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા પ્રોજેકટ કચેરી, એસએસએ,<br>જિ. તમામ | એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>જિ. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા |

**વિષયઃ "હોમ લર્નિંગ" અંગે દુરદર્શન કેન્દ્ર ડી.ડી. ગીરનાર ચેનલથી પ્રસારિત થનાર શૈક્ષણિક કાર્ય જુલાઈ–૨૦૨૦ ના સમય પત્રક બાબત.**

**સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા.૦૫.૦૬.૨૦૨૦**
**(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ એસએસએ/મકમ/૨૦૨૦/૧૬૬૯૨–૧૬૭૯૬ તા.૧૨.૬.૨૦૨૦**

ઉપરોકત વિષય અને સંદર્ભ પત્રો અન્વયે જણાવવાનું કે, આપણે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં તા.૧૫.૬.૨૦૨૦ થી હોમ લર્નિંગ શરૂ કરવામાં આવેલ છે.

જે અંતર્ગત દુરદર્શન મારફત ડી.ડી. ગિરનાર ચેનલ ધ્વારા ધોરણ–૩ થી ૧૨ માટે શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. અગાઉ તા.૧૫.૬.૨૦૨૦ થી તા.૩૦.૬.૨૦૨૦ સુધીનું સમયપત્રક મોકલી આપવામાં આવેલ હતું. આ સાથે જુલાઈ માસનું એટલે કે, તા.૧.૭.૨૦૨૦ થી તા.૩૧.૭.૨૦૨૦ સુધીનું ધોરણ–૩ થી ૧૨ નું સમયપત્રક આ સાથે સામેલ છે.

આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ધ્વારા આ સમયપત્રક દરેક વાલી મારફત વિદ્યાર્થીઓને પહોંચાડવા વિનંતી.

બિડાણ :- સમયપત્રકો

P. B.

**(પી. ભારતી)**

**નકલ સવિનય રવાના જાણ સારૂઃ**

– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂઃ**

– ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
– નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

E:\D\Durdarshan Home Learning\Home Learning Planning.docx

# ધોરણ ૩ થી ૫ દૂરદર્શન પ્રસારણ જુલાઈ-૨૦૨૦

| DATE | વાર | વિષય | ધોરણ-3 સમય ૯:૦૦ થી ૯:૩૦ | વિષય | ધોરણ-૪ સમય ૯:૩૦ થી ૧૦:૦૦ | વિષય | ધોરણ-૫ સમય ૧૦:૦૦ થી ૧૦:૩૦ |
|---|---|---|---|---|---|---|---|
| 01 07, 2020 | બુધ | પર્યાવરણ | પ્રકરણ-૨ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૩ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૧ ભાગ ૩ |
| 02 07, 2020 | ગુરુ | ગુજરાતી | પ્રકરણ-૨ ભાગ ૨ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૧ | અંગ્રેજી | લીટલ સ્ટેપ |
| 03 07, 2020 | શુક્ર | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૨ | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૨ ભાગ ૧ |
| 04 07, 2020 | શનિ | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | |
| 05 07, 2020 | રવિ | | | | | | |
| 06 07, 2020 | સોમ | ગુજરાતી | પ્રકરણ-૨ ભાગ ૩ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૨ | ગુજરાતી | પ્રકરણ-૨ ભાગ ૩ |
| 07 07, 2020 | મંગળ | પર્યાવરણ | પ્રકરણ-૨ ભાગ ૩ | પર્યાવરણ | પ્રકરણ-૨ ભાગ ૨ | હિન્દી | પ્રકરણ-૩ ભાગ ૧ |
| 08 07, 2020 | બુધ | પર્યાવરણ | પ્રકરણ-૩ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૩ ભાગ ૨ | પર્યાવરણ | પ્રકરણ-૧ ભાગ ૪ |
| 09 07, 2020 | ગુરુ | ગુજરાતી | પ્રકરણ-૨ ભાગ ૪ | ગુજરાતી | પ્રકરણ-૪ ભાગ ૧ | અંગ્રેજી | લીટલ સ્ટેપ ૪,૫,૬ ભાગ- |
| 10 07, 2020 | શુક્ર | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૪ | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૩ | પર્યાવરણ | પ્રકરણ-૩ ભાગ ૧ |
| 11 07, 2020 | શનિ | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | |
| 12 07, 2020 | રવિ | | | | | | |
| 13 07, 2020 | સોમ | ગુજરાતી | પ્રકરણ-૨ ભાગ ૫ | ગુજરાતી | પ્રકરણ-૪ ભાગ ૨ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૧ |
| 14 07, 2020 | મંગળ | ગણિત | પ્રકરણ-૩ ભાગ ૧ | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૪ | હિન્દી | પ્રકરણ-૪ ભાગ ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 15 07, 2020 | બુધ | પર્યાવરણ | પ્રકરણ-૪ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૪ ભાગ ૧ | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૧ |
| 16 07, 2020 | ગુરુ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૧ | ગુજરાતી | પ્રકરણ-૪ ભાગ ૩ | અંગ્રેજી | લીટલ સ્ટેપ ૭,૮,૯ ભાગ-૧ |
| 17 07, 2020 | શુક્ર | ગણિત | પ્રકરણ-૩ ભાગ ૨ | ગણિત | પ્રકરણ-૩ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૩ ભાગ ૨ |
| 18 07, 2020 | શનિ | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | |
| 19 07, 2020 | રવિ | | | | | | |
| 20 07, 2020 | સોમ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૨ | ગુજરાતી | પ્રકરણ-૫ ભાગ ૧ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૨ |
| 21 07, 2020 | મંગળ | ગણિત | પ્રકરણ-૩ ભાગ ૩ | ગણિત | પ્રકરણ-૩ ભાગ ૨ | હિન્દી | પુનરાવર્તન |
| 22 07, 2020 | બુધ | પર્યાવરણ | પ્રકરણ-૫ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૫ ભાગ ૧ | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૨ |
| 23 07, 2020 | ગુરુ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૩ | ગુજરાતી | પ્રકરણ-૫ ભાગ ૨ | અંગ્રેજી | લીટલ સ્ટેપ ૭,૮,૯ ભાગ-૨ |
| 24 07, 2020 | શુક્ર | ગણિત | પ્રકરણ-૩ ભાગ ૪ | ગણિત | પ્રકરણ-૩ ભાગ ૩ | પર્યાવરણ | પ્રકરણ-૪ ભાગ ૧ |
| 25 07, 2020 | શનિ | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | | જોયફુલ શનિવાર | |
| 26 07, 2020 | રવિ | | | | | | |
| 27 07, 2020 | સોમ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૪ | ગુજરાતી | પ્રકરણ-૬ ભાગ ૧ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૩ |
| 28 07, 2020 | મંગળ | ગણિત | પ્રકરણ-૪ ભાગ ૧ | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૧ | હિન્દી | પ્રકરણ-૫ ભાગ ૧ |
| 29 07, 2020 | બુધ | પર્યાવરણ | પ્રકરણ-૬ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૬ ભાગ ૧ | ગણિત | પ્રકરણ-૨ ભાગ ૩ |
| 30 07, 2020 | ગુરુ | ગુજરાતી | પ્રકરણ-૩ ભાગ ૫ | ગુજરાતી | પ્રકરણ-૬ ભાગ ૨ | અંગ્રેજી | લીટલ સ્ટેપ ૭,૮,૯ ભાગ-૩ |
| 31 07, 2020 | શુક્ર | ગણિત | પ્રકરણ-૪ ભાગ ૨ | ગણિત | પ્રકરણ-૪ ભાગ ૧ | પર્યાવરણ | પ્રકરણ-૫ ભાગ ૧ |

ધોરણ ૬ થી ૮ દુરદર્શન પ્રસારણ જુલાઈ-૨૦૨૦

| DATE | વિષય | ધોરણ-6 સમય-10:30 to 11:00 | વિષય | ધોરણ-7 સમય- 11:30 to 12:00 | વિષય | ધોરણ-8 સમય- 14:30 to 15:00 |
|---|---|---|---|---|---|---|
| 01 07, 2020 | અંગ્રેજી | **Where were you?, A-5,P-1** | અંગ્રેજી | **Vini`s smile , A-6 & 7** | અંગ્રેજી | **Q For Question , A-6(C)** |
| | સામાજિક વિજ્ઞાન | આદીમાનવથી સ્થાયી જીવનની સફર-1 | સામાજિક વિજ્ઞાન | દિલ્હી સલ્તનત- 1 | સામાજિક વિજ્ઞાન | આપણી આસપાસ શું?-1 |
| 02 07, 2020 | વિજ્ઞાન | આહારનાં ઘટકો-1 | વિજ્ઞાન | પ્રાણીઓમાં પોષણ-1 | વિજ્ઞાન | સૂક્ષ્મજીવો-1 |
| | અંગ્રેજી | **Where were you?,A-5,P-2** | અંગ્રેજી | **Vini`s smile ,A-8** | અંગ્રેજી | **Q For Question ,A-6(D)** |
| 03 07, 2020 | હિન્દી | એક જગત એક લોક-1 | હિન્દી | તબ યાદ તુમ્હારી આતી હૈ | હિન્દી | ઈદગાહ-1 |
| | ગણિત | પૂર્ણ સંખ્યાઓ-1 | ગણિત | પૂર્ણાંક સંખ્યાઓ-6 | ગણિત | એક ચલ સુરેખ સમીકરણ-1 |
| 04 07, 2020 | ગુજરાતી | હિંદ માતાને સંબોધન-1 | ગુજરાતી | આજની ઘડી રળિયામણી-1 | ગુજરાતી | એક જ દે ચિનગારી-1 |
| | સામાજિક વિજ્ઞાન | આદીમાનવથી સ્થાયી જીવનની સફર-2 | સામાજિક વિજ્ઞાન | દિલ્હી સલ્તનત-2 | સામાજિક વિજ્ઞાન | આપણી આસપાસ શું?-2 |
| 05 07, 2020 | ચિત્ર | ભાતચિત્ર | ચિત્ર | પદાર્થચિત્ર | ચિત્ર | ચિત્ર સંયોજન(માનવ આકૃતિ) |
| 06 07, 2020 | વિજ્ઞાન | આહારનાં ઘટકો-2 | વિજ્ઞાન | પ્રાણીઓમાં પોષણ-2 | વિજ્ઞાન | સૂક્ષ્મજીવો-2 |
| | અંગ્રેજી | **Where were you?,A-5,P-3** | અંગ્રેજી | **Vini`s smile,A-9,P-1** | અંગ્રેજી | **LMBB,A-1** |
| 07 07, 2020 | ગણિત | પૂર્ણ સંખ્યાઓ-2 | ગણિત | અપૂર્ણાંક અને દશાંશ | ગણિત | એક ચલ સુરેખ સમીકરણ-2 |
| | અંગ્રેજી | **Where were you?,A-6 & 7** | અંગ્રેજી | **Vini`s smile ,A-9,P-2** | અંગ્રેજી | **LMBB,A-2** |
| 08 07, 2020 | અંગ્રેજી | **Where were you?,A-8,P-1** | અંગ્રેજી | **Vini`s smile,A-10** | અંગ્રેજી | **LMBB,A-3** |
| | સામાજિક વિજ્ઞાન | આદીમાનવથી સ્થાયી જીવનની સફર-3 | સામાજિક વિજ્ઞાન | દિલ્હી સલ્તનત-3 | સામાજિક વિજ્ઞાન | આપણી આસપાસ શું?-3 |
| 09 07, 2020 | વિજ્ઞાન | આહારનાં ઘટકો-3 | વિજ્ઞાન | પ્રાણીઓમાં પોષણ-3 | વિજ્ઞાન | સૂક્ષ્મ જીવો-3 |
| | ગુજરાતી | હિંદ માતાને સંબોધન-2 | ગુજરાતી | આજની ઘડી રળિયામણી-2 | ગુજરાતી | એક જ દે ચિનગારી-2 |
| 10 07, 2020 | હિન્દી | એક જગત એક લોક-2 | હિન્દી | કૂત્તે કી વફાદારી-1 | હિન્દી | ઈદગાહ-2 |
| | ગણિત | પૂર્ણ સંખ્યાઓ-3 | ગણિત | અપૂર્ણાંક અને દશાંશ | ગણિત | એક ચલ સુરેખ સમીકરણ-3 |
| 11 07, 2020 | અંગ્રેજી | **Where were you?,A-8,P-2** | અંગ્રેજી | **Vini`s smile,A-11 &12** | અંગ્રેજી | **LMBB,A-4** |
| | સામાજિક વિજ્ઞાન | આપણું ઘર પૃથ્વી-1 | સામાજિક વિજ્ઞાન | દિલ્હી સલ્તનત- 4 | સામાજિક વિજ્ઞાન | આપણી આસપાસ શું?-3 |
| 12 07, 2020 | ભાષા | વાર્તા | ભાષા | વાર્તા | ભાષા | વાર્તા |
| | ગણિત | વૈદિક ગણિત | ગણિત | વૈદિક ગણિત | ગણિત | વૈદિક ગણિત |
| 13 07, 2020 | વિજ્ઞાન | આહારનાં ઘટકો-4 | વિજ્ઞાન | પ્રશ્નમંચ-1 | વિજ્ઞાન | સૂક્ષ્મ જીવો-4 |
| | અંગ્રેજી | **Where were you?,A-9** | અંગ્રેજી | **How many did you?,A-1(A)** | અંગ્રેજી | **LMBB,A-5** |
| 14 07, 2020 | ગણિત | પૂર્ણ સંખ્યાઓ-4 | ગણિત | અપૂર્ણાંક અને દશાંશ | ગણિત | એક ચલ સુરેખ સમીકરણ-4 |
| | અંગ્રેજી | **Where were you?,A-10** | અંગ્રેજી | **How many did you?,A-1(B)** | અંગ્રેજી | **LMBB,A-6** |
| 15 07, 2020 | અંગ્રેજી | **Where were you?,A-11 & 12** | અંગ્રેજી | **How many did you?,A-2** | અંગ્રેજી | **LMBB,A-7** |
| | સામાજિક વિજ્ઞાન | આપણું ઘર પૃથ્વી ભાગ -2 | સામાજિક વિજ્ઞાન | પૃથ્વીની આંતરીક રચના અને ભૂમિ સ્વરૂપો ભાગ-1 | સામાજિક વિજ્ઞાન | ભારતનું બંધારણ-1 |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૬-B તા.૨૯-૬-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ચોમાસા પહેલા તેમજ સ્કૂલ સેફટી અંગે તકેદારી રાખવા માટે જરૂરી તૈયારી કરવા અને યોગ્ય સલામતીના પગલા લેવા બાબત.

સંદર્ભ :- પત્ર ક્રમાંક : એસએસએ/સિવિલ/૨૦૨૦/૧૯૦૬૯-૧૯૧૩૯ તા.૨૪-૬-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે,ટૂંક સમયમાં ચોમાસાની ઋતુનું આગમન થશે. ચોમાસાની ઋતુ દરમ્યાન કોઈ દૂર્ઘટના ના ઘટે તે માટે તેમજ સ્કૂલ સેફટી અંગે પણ તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલા રૂપે આ સાથે સામેલ સંદર્ભિત પત્રની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૯-૦૬-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સમગ્ર શિક્ષા,
સેક્ટર નં. ૧૭, ગાંધીનગર – ૩૮૨ ૦૧૭.
ગુજરાત રાજ્ય
ફોન નં. ૦૭૯ – ૨૩૨૩૫૦૬૯, ૨૩૨૩૪૯૩૯
Email: ssamcivilgcpe@gmail.com
Website : www.ssagujarat.org
ફેક્ષ નં. ૨૩૨૩૨૪૩૬, હેલ્પ લાઈન નં: ૧૮૦૦–૨૩૩–૭૯૬૫


ક્રમાંક: એસએસએ/સિવિલ/૨૦૨૦/૧૯૦૫૯ - ૧૯૯૩૯ તારીખ: ૨૪/૬/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો– ઓર્ડિનેટરશ્રી,
અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લો : તમામ
અને
શાસનાધિકારીશ્રી
મ્યુ. કોર્પોરેશન બોર્ડ
જિ : અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત

**વિષય : રાજયની સરકારી શાળાઓ/કેજીબીવી/હોસ્ટેલમાં ચોમાસા પહેલા તેમજ સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે જરૂરી તૈયારી કરવા અને યોગ્ય સલામતીના પગલા લેવા બાબત..**

શ્રીમાન,

રાજયમાં ટૂંક જ સમયમાં ચોમાસાની ઋતુનું આગમન થશે. ચોમાસા ઋતુ દરમ્યાન શાળામાં કોઈ દુઘટના ના ઘટે તે માટે તેમજ સ્કુલ સેફટી અંગે પણ તકેદારી રાખવા માટે આવશ્યક સાવચેતીના પગલા અગાઉથી ભરવા જરૂરી બને છે. જેથી આપના જિલ્લામાં આવેલ તમામ શાળાઓ/કેજબીવી/હોસ્ટેલ વગેરેને ચોમાસાની ઋતુની શરૂઆત પહેલા જરૂરી તૈયારી કરવા અને સ્કુલ સેફટી અંગે તકેદારી રાખવા માટે સાવચેતીના પગલા લેવા તમામ શાળાના આચાર્યશ્રીઓને નીચે મુજબની લેખિતમાં સૂચના આપશો.

૧ છત કે ધાબા પર આવેલ વોટર સ્પાઉટ ચોમાસા પહેલા અને ચોમાસામાં સમયાંતરે સાફ કરાવવા.
૨ ધાબા કે છત ઉપર રહેલા જુના ફર્નીચર કે અન્ય સામાનને યોગ્ય સ્થળે ખસેડવા.
૩ શાળા મેદાનમાં આવેલ નમી ગયેલા કે તૂટી પડવાની તૈયારીમાં હોય તેવા વૃક્ષોની ડાળીઓ/વૃક્ષોને દૂર કરવા.
૪ શાળામાં જો ઈલેકટ્રીક વાયર ખુલ્લા હોય કે અર્થીગ પ્રોબ્લેમ હોય તો તુર્તજ એસએમસી ધ્વારા રીપેરીંગ કરાવવા. ટેકનીકલી જરૂરી હોય તેવા MCB/ELCB વગેરે લગાવવા.
૫ ચોમાસાની સીઝન દરમ્યાન આચાર્યશ્રી તથા શિક્ષકોએ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી વિના હેડકવાર્ટર છોડવું નહી.
૬ પૂરના સમયે શાળાના મેદાનમાં કે બિલ્ડીંગમાં પાણીનો ભરાવો ન થાય તે માટે પાણીના નિકાલની વ્યવસ્થા છે કે નહી તેની તકેદારી રાખવી.
૭ પૂર સંભવિત ક્ષેત્રમાં શાળાના અગત્યના ડોકયુમેન્ટને શાળામાં જ સુરક્ષિત સ્થળે રાખવા.

૮ દવાઓ, ફાનસ, ટોર્ચ, સ્વચ્છ કપડા, પેક ખાદ્ય પદાર્થ સહિતની ઈમરજન્સી કીટ, ફર્સ્ટ એઈડ બોક્સ વગેરે રાખવા.

૯ શાળામાં રૂમો જર્જરિત હોય તો બાળકોને બેસાડવા નહી અને જર્જરિત રૂમોથી બાળકો દૂર રહે તે અંગેની તકેદારી રાખવી.

૧૦ શાળા કેમ્પસમાં આવેલ જર્જરિત કે ડીમોલીશન કરવાપાત્ર ઓરડા, ટોયલેટ, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા કે અન્ય ભૌતિક સુવિધાની ફરતે બેરીકેડ કે આડાશ ઉભી કરી ભયજનક સૂચક બોર્ડ લગાવવા.

૧૧ અતિવૃષ્ટિ કે પૂર જેવા સંજોગોમાં શાળા આશ્રયસ્થાન બને તે અંગેની તકેદારી આચાર્યશ્રીએ લેવી.

૧૨ અતિવૃષ્ટિ કે પૂરના સમયે બાળકોને રજા આપવાનો નિર્ણય આચાર્યશ્રીએ વિવેકબુધ્ધિ અનુસાર લેવો અને સમયસર બાળકો ઘરે પહોંચે તે અંગેની વ્યવસ્થા વાલીઓ સાથે મળીને કરવી.

૧૩ શાળામાં ફાયર સેફટીની વ્યવસ્થા છે કે કેમ તે ચકાસવુ અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે શિક્ષક અને વિદ્યાર્થીઓને તાલીમબધ્ધ કરવામાં આવ્યા છે કે નહી તે ચકાસવુ.

૧૪ અંડરગ્રાઉન્ડ વોટર ટેન્ક હોય તો તેની ફરતે આડાસ કે ફેન્સીંગની વ્યવસ્થા કરવી તેમજ ઢાંકેલી રાખવી જેથી બાળકો, જાહેર જનતા કે પ્રાણીઓ અકસ્માતનો ભોગ ન બને.

૧૫ શાળામાં રેઈનવોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ, પાણીના ટાંકા, સેપ્ટીક ટેન્ક, ખાળકૂવા હોય તો તેની નજીક બાળકોને જવા દેવા નહી અને આ બાબતની સૂચના દર્શાવતું બોર્ડ લગાવવું.

૧૬ શાળાની ટાંકી ખુલ્લી રહેતી હોય તો તેને લોક (તાળુ) મારી શકાય તેવા ઢાંકણા લગાવવા અને મેદાનમાં કયાંય પણ પાણી ભરાતું હોય તો મચ્છરનો ઉપદ્રવ ન થાય તે માટેના જરૂરી પગલા લેવા.

૧૭ શાળાની બહારથી જો મુખ્ય માર્ગ પસાર થતો હોય તો સ્પીડ બ્રેકરની વ્યવસ્થા કરાવવી અને રોડની બંન્ને તરફ શાળા અંગેના સાઈન બોર્ડ મુકાવવા.

૧૮ શાળા પરિસરમાં બાંધકામના સમય દરમ્યાન આજુબાજુના સંલગ્ન મકાનના રહીશો અને મકાનોને અડચણરૂપ, ખલેલ અને નુકશાન ન પહોંચે તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

૧૯ બાંધકામના સમય દરમ્યાન શાળાના કંપાઉન્ડ માં આવેલ અન્ય હયાત બાંધકામ(સ્ટ્રકચર) ને કોઈ નુકશાન ન પહોંચે તેમજ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ/શિક્ષકોને કે અન્ય કર્મચારી/મુલાકાતી ને કોઈ નુકશાન કે ઈજા ન થાય તે માટેના તમામ સાવચેતીના પગલા એસએમસી તેમજ ઈજારદારશ્રીએ તેમના ખર્ચે અને જોખમે લેવાના રહેશે.

૨૦ કાર્યરત શાળામાં બાંધકામ ચાલુ કરવાનું હોય ત્યારે બાંધકામ સ્થળે આડાસ (બેરીકેડ) કે ફેન્સીંગ ઉભી કરી તે બાજુ બાળકો જાય નહી તેવી વ્યવસ્થા કરવી અને બાળકોની સાવચેતી માટે શાળાના આચાર્ય તેમજ શિક્ષકોને લેખિતમાં જાણ કરી આ બાબતે અવગત કરવા.

૨૧ શાળામાં જે જગ્યાએ કામ પ્રગતિમાં હોય તે ભાગમાં પતરાની આડાસ (બેરીકેડ) કે ફેન્સીંગ રાખવી જેથી બાળકો અકસ્માતનો ભોગ બને નહી.

૨૨ બાંધકામ માટેનો માલસામાન વ્યવસ્થિત રીતે રાખવો. જેથી બાળકોની અવર–જવરમાં અડચણ ઉભી થાય નહી.

૨૩ બાંધકામની જગ્યાએ ભયસૂચક કે ચેતવણી દર્શાવતા નોટીસ બોર્ડ લગાવવા. આ બાબતની લેખિતમાં જાણ તમામ સબંધિત અધિકારી/કર્મચારીશ્રીઓને પણ કરશો.

૨૪ આપત્તિ સમયમાં ઉપયોગી સ્ટાફ અને વ્યકિતઓની જેમ કે તલાટી–મંત્રી, ડોકટર, તરવૈયા વગેરેની ફોન નંબર સાથેની માહિતી શાળાના નોટીસ બોર્ડ પર તથા શાળાના આચાર્યશ્રીએ પોતાની પાસે રાખવી.

૨૫ સંભવિત આપત્તિ અંગેની પૂર્વ તૈયારીના રૂપમાં આચાર્યશ્રી, બાળકો તથા સ્ટાફે આપત્તિના સમયમાં કઈ રીતે આપત્તિનો સામનો કરી શકાય તે અંગેની પૂર્વ તૈયારી રાખવી.

૨૬ રેલીંગ/પેરાપેટ જર્જરીત હોય તો સાવચેતીના પગલારૂપે દૂર કરવી/રીપેર કરાવવી/બાળકોની સલામતી માટે યોગ્ય કાર્યવાહી કરવી.

૨૭ વાવાઝોડાની પરિસ્થિતી દરમ્યાંન શાળામાં બાળકોની સલામતી માટેની વ્યવસ્થાની ચકાસણી કરવી.

૨૮ આકસ્મિક ભૂકંપ જેવી અચાનક આવી પડતી આપત્તિ સમયે શાળામાં કરવી પડતી તત્કાલિન વ્યવસ્થા બાબતે આચાર્યશ્રી/શાળાના અન્ય સ્ટાફ/વાલીગણ વગેરે સાથે ચર્ચા કરવી.

આભાર,

સ્ટેટ પ્રોજેક્ટ ઈજનેર
સમગ્ર શિક્ષા
ગાંધીનગર

નકલ રવાના :

- જિલ્લા પ્રોજેકટ ઈજનેર, જિ : તમામ ને જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.